॥ॐ॥

॥श्रीउपदेशग्रंथावली.*॥

अंक छठो.

॥श्रीगुरुगीतासार॥

नमामि सद्गुरुं शान्तं प्रत्यक्षं शिवरूपिणम् ॥
शिरसा योगपीठस्थं मुक्तिकामार्थसिद्धिदम्॥१॥

*શાકે ૧૮૧૬, કાર્તિક શુકલ પૌર્ણમાસી–ત્રિપુરવધોત્સવ.

યોજનાર:–મહારાજશ્રી નથુરામશર્મા.

અધિકારી જનોને ભેટ આપવા માટે પ્રગટ કરનાર,
રા. રા. લાલસિંહ હરિસિંહ વકીલ.
બાંટવા–કાઠિઆવાડ.
અમદાવાદ—"ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપી.

શબ્દાર્થ:—શાંત, પ્રત્યક્ષ શિવરૂપ, યોગપીઠ-ઉપર રહેલ (તથા) મુક્તિની ઇચ્છાવાળાઓને પુરૂષાર્થ સંબંધી સિદ્ધિ આપનાર (એવા) શ્રીસદ્-ગુરૂને શિરથી નમસ્કાર કરૂંછું. ૧.

अचिन्त्याव्यक्तरूपाय[१] निर्गुणाय[२] गुणात्मने[३] ॥
समस्तजगदाधार[४]-मूर्तये ब्रह्मणे[५] नमः[६] ॥२॥

શ૦:—વિચારમાં ન આવે એવું (અને) સ્ફુટ છે રૂપ જેનું એવા, નિર્ગુણ, ગુણરૂપ, (તેમજ) સઘળા જગતૂને આધારરૂપ મૂર્તિવાળા [શ્રીસદ્ગુરૂરૂપી] પરબ્રહ્મને પ્રણામ કરૂંછું. ૨.

॥ पार्वत्युवाच ॥

भगवन्[१] सर्वधर्मज्ञ[२] व्रतानां[४] नायकव्रतम्[५] ॥
ब्रूहि[१०] मे[९] कृपया[८] शंभो[३] गुरुमाहात्म्य[७]मुत्तमम्[६] ॥

શ૦:—હે ભગવન્! સર્વ ધર્મને જાણનાર હે શંભો! વ્રતોમાં મુખ્ય વ્રતરૂપ (અને) ઉત્તમ (એવું) શ્રીગુરૂમાહાત્મ્ય કૃપાવડે કરીને મને કહો. ૩.

॥ श्रीमहादेवउवाच ॥

१ २ ३ ४ ५ ६ ७ ८
यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ॥
९ ११ १२ १३ १४ १०
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशंते महात्मनः॥४॥

શ૦:—શ્રીમહાદેવ (પાર્વતીપ્રત્યે) કહેછે:— જેને શ્રીપરમેશ્વરમાં ઉત્તમ ભક્તિ (હોય), જેવી રીતે પરમેશ્વરમાં (હોય) તેવી જ રીતે ગુરૂઉપર હોય, તે મહા પુરૂષને આ કહેલા એવા અર્થો હૃદયમાં પ્રકાશમાન્ થાયછે. ૪.

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
यो गुरुः स शिवः प्रोक्तो यः शिवः स गुरुःस्मृतः॥
१३ १२ ११ १४ १५ १६ १७
विकल्पं यस्तु कुर्वीत स नरो गुरुतल्पगः॥५॥

શ૦:—જે ગુરૂ તેને જ શંકર કહેલ છે. જે શંકર તેને જ ગુરૂ કહેલ છે. જે (તેમાં) સંશય કરે તે નર ગુરૂસ્ત્રીનો સમાગમ કરનારા જેવો મહા પાપી (જાણવો.)૫.

૪ ૨ ૩ ૫ ૬ ૮ ૭
दुर्लभं त्रिषु लोकेषु तच्छृणुष्व वदाम्यहम् ॥
૯ ૧૦ ૧૧ ૧૪ ૧૨ ૧૩ ૧૫ ૧
गुरु ब्रह्म विना नान्यत् सत्यं सत्यं वरानने॥६॥

શ૦:—હે સુંદર મુખવાળાં (પાર્વતી)! ત્રણે લોકમાં (જે) દુર્લભ (છે) તેને સાંભળો, (જે) હું કહુંછું. ગુરૂ (અને) બ્રહ્મ તે જ સત્ય છે. તેવિના બીજું સત્ય નથીઃ (એ) સત્ય જ છે. ૬.

૪ ૫ ૬ ૭ ૮ ૧૧ ૧૦ ૯
जपस्तपो व्रतं तीर्थं यज्ञो दानं तथैव च ॥
૧ ૩ ૧૨ ૧૩ ૧૪ ૧
गुरुतत्त्वमविज्ञाय सर्वं व्यर्थं भवेत्प्रिये ॥७॥

શ૦:—હે પ્રિયે! ગુરૂતત્ત્વ જાણ્યાવિના જપ,

તપ, વ્રત, તીર્થ, યજ્ઞ અને તેમ જ દાન, એ સર્વે વ્યર્થ થાયછે. ૭.

शोषणं[४] पापपंकस्य[३] दीपनं[६] ज्ञानतेजसः[५] ॥
गुरोः[१] पादोदकं[२] सम्यक्[७] संसारार्णवतारकम्[८] ॥८॥

શ૦:—ગુરૂનું ચરણોદક પાપરૂપી કાદવને સૂકાવનાર, જ્ઞાનરૂપી તેજને દીપાવનાર. (અને) સંસારરૂપી સમુદ્રમાંથી સારી રીતે તારનાર છે. ૮.

अज्ञानमूलहरणं[२] जन्मकर्मनिवारणं[३] ॥
ज्ञानवैराग्यसिद्ध्यर्थं[१] गुरुपादोदकं[४] पिबेत्[५] ॥९॥

શ૦:—જ્ઞાન ને વૈરાગ્ય મેળવવામાટે, અજ્ઞાનના મૂળને નાશ કરનાર, (અને) જન્મકર્મને નિવારણ કરનાર (એવું) ગુરૂનું ચરણોદક (શિષ્યે) પીવું. ૯.

૧ ૨ ૩ ૪ ૫
गुरोः पादोदकं पेयं गुरोरुच्छिष्ट भोजनम् ॥
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
गुरुमूर्त्तिं सदा ध्यायेत् गुरुस्तोत्रं सदा जपेत् ॥१०॥

શ૦:—ગુરૂનું ચરણોદક પીવું, ગુરૂનું ઉચ્છિષ્ટ ખાવું, ગુરૂની મૂર્તિનું સદા ધ્યાન કરવું, (અને) ગુરૂસ્તોત્રનો સદા જપ કરવો. ૧૦.

૪ ૨ ૧ ૩ ૮ ૯ ૭ ૫ ૬
ध्रुवं तेषां च सर्वेषां नास्ति तत्त्वं गुरोः परम् ॥
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
गुरोराराधनं कार्यं जीवितत्वं निवेदयेत् ॥११॥

શ૦:—અને તે (ઋષિ, મુનિ, ગંધર્વાદિ) સઘળાઓને નક્કી ગુરૂથી બીજું તત્ત્વ નથી; (માટે) ગુરૂનું આરાધન કરવું (અને) પોતાનું જીવતર ગુરૂને અર્પણ કરવું. ૧૧

૩ ૪ ૫ ૧૦ ૧૧ ૯
कर्मणा मनसा वाचा सर्वदाऽऽराधयेद्गुरुम् ॥
૭ ૬ ૮ ૨ ૧૩
दण्डवच्च नमस्कृत्य निर्लज्जो गुरुसन्निधौ ॥१२॥

શ૦:—ગુરૂની સમીપ નિર્લજ્જ થઇને (મારાથી આમ કેમ બને એવી શરમ મૂકીને) કર્મથી, મનથી, વાણીથી અને દંડવત્ પ્રણામ કરીને ગુરૂનું સર્વદા આરાધન કરવું. ૧૨.

૫ ૪ ૩ ૨ ૧

गुरुरेको जगत्सर्वं ब्रह्माविष्णुशिवात्मकम् ॥

૬ ૭ ૮ ૯ ૧૦ ૧૨ ૧૧

गुरोः परतरं नास्ति तस्मात्संपूजयेद्गुरुम् ॥१३॥

શ૦:—બ્રહ્મા, વિષ્ણુ (અને) શંકરરૂપ સઘળું જગત્ એક શ્રીગુરૂરૂપ (છે). શ્રીસદ્ગુરૂ વિના બીજું કાંઇ જ નથી; માટે શ્રીસદ્ગુરૂની સમ્યક્ પ્રકારે કરીને પૂજા કરવી. ૧૩.

૧ ૨ ૪ ૩

संसारवृक्षमारूढाः पतन्ति नरकार्णवे ॥

૭ ૫ ૮ ૬ ૯ ૧૦ ૧૧

यस्तानुद्धरते सर्वान् तस्मै श्रीगुरवे नमः ॥१४॥

શ૦:—સંસારરૂપી ઝાડઉપર ચડેલા (લોકો)

નરકરૂપી સમુદ્રમાં પડેછે. તે સઘળાઓને જે બહાર
કાઢેછે (એવા) તે શ્રીસદ્દગુરૂને નમસ્કાર. ૧૪.

૧ ૨ ૩ ૪ ૫ ૭ ૬
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
गुरुरेकं परंब्रह्म तस्मै श्रीगुरवे नमः॥१५॥

શ૦:—ગુરૂ બ્રહ્મા છે, ગુરૂ વિષ્ણુ છે, ગુરૂ શં-
કરરૂપ દેવ છે, ગુરૂ એક પર બ્રહ્મ છે; એવા શ્રી
સદ્દગુરૂને નમસ્કાર. ૧૫.

૧ ૩
अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ॥
૨ ૫ ૪ ૬ ૭ ૮
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥१६॥

શ૦:—અજ્ઞાનરૂપી અંધારાથી અંધ(શિષ્ય)-
ની આંખ જ્ઞાનરૂપ આંજણની સળીથી જેણે ઉઘાડી
એવા શ્રીસદ્દગુરૂને નમસ્કાર. ૧૬.

૨ ૪ ૧ ૩
अखण्डमंडलाकारं व्याप्तं येन चराचरम् ॥

६ ७ ८ ५ ९ १० ११

ात्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥१७॥

શ૦:—જે ગુરૂવડે સમગ્ર બ્રહ્માંડના આકારરૂપ સ્થાવર જંગમ (જગત્) વ્યાપ્ત છે, (અને) જેણે **तत्त्वमसि** એ વેદના મહા વાક્યમાંથી) **तत्** એવું પદ બતાવેલું છે, એવા શ્રીસદ્ગુરૂને નમસ્કાર. ૧૭.

१ २ ४ ३ ५ ६ ७ ८ १० ९ ११

ं पिता त्वं च मे माता त्वं बन्धुस्त्वं चदेवता

१२ १३ १४ १५

ासारप्रीतिभंगाय तस्मै श्रीगुरवे नमः ॥१८॥

શ૦:—તમે પિતા છો, અને તમે મારી માતા છો; તમે બંધુ છો, અને તમે દેવતા છોઃ (એવા અને) સંસારમાંથી પ્રીતિ છોડાવનાર એવા જે શ્રી સદ્ગુરૂ તેમને પ્રણામ. ૧૮.

५ ६ ७ ८ १ २

क एव परो बन्धु र्विषमे समुपस्थिते ॥

४ ३ ९ १० ११

ुरुः सकलधर्मात्मा तस्मै श्रीगुरवे नमः॥१९॥

શ૦:—વિષમ વખતમાં, સઘળા ધર્મના જીવનરૂપ ગુરૂ એક જ પરમ બંધુ છે. એવા તે શ્રીસદ્ગુરૂને પ્રણામ. ૧૯.

हेतवे जगतामेव संसारार्णवसेतवे ॥
प्रभवे सर्वविद्यानां शंभवे गुरवे नमः ॥२०॥

શ૦:—જગતના જ હેતુરૂપ, સંસારરૂપી સમુદ્રની પાજરૂપ, સઘળી વિદ્યાના સ્વામી, એવા શંભુ રૂપ શ્રીસદ્ગુરૂને પ્રણામ. ૨૦.

ध्यानयोग्या गुरोर्मूर्त्तिः पूजायोग्यं गुरोः पदम् ।
मन्त्रयोग्यं गुरोर्वाक्यं मुक्तियोग्या गुरोःकृपा ।२१

શ૦:—ધ્યાન કરવાયોગ્ય ગુરૂની મૂર્ત્તિ છે, પૂજા કરવાયોગ્ય ગુરૂનું ચરણ છે, વિચારવાયોગ્ય ગુરૂનું વાક્ય છે, (અને) મુક્તિનો હેતુ ગુરૂની કૃપા છે. ૨૧.

४ २ ३ ५

श्रीनाथचरणद्वन्द्वं यस्यां दिशि विराजते ॥

६ ७ १० ८ ९ १

तस्यां दिशि नमस्कुर्याद् भक्त्या प्रतिदिनं प्रिये ॥२२॥

શ૦:—હે પ્રિયે ! જે દિશામાં ભગવાન્ (રૂપ શ્રી-સદ્ગુરૂ)નાં ચરણકમળ બિરાજતાં હોય તે દિશા-માં ભક્તિથી નિત્યપ્રતિ પ્રણામ કરવા. ૨૨.

२ ४ १ ३ ५

साष्टांगप्रणिपातेन स्तुवन्नित्यं गुरुं भजेत् ॥

६ ७ ८ ९ १०

भजनात्स्थैर्यमाप्नोति स्वस्वरूपमयो भवेत् ॥२३॥

શ૦:—નિત્ય સાષ્ટાંગ પ્રણામથી શ્રીસદ્ગુરૂની સ્તુતિ કરી તેઓની સેવા કરવી. સેવાથી સ્થિરતા મળે છે. (અને તેમ થવાથી) પોતાના સ્વરૂપનો લાભ થાયછે. ૨૩.

१ ३ २ ४ ५ ६ ७

दोर्भ्यां पद्भ्यां च जानुभ्यामुरसा शिरसा दृशा ॥

८ १० ९ ११ १२ १३ १४

मनसा वचसा चेति प्रणामोऽष्टाङ्ग उच्यते ॥२४॥

શ૦:—(હવે અષ્ટાંગો બતાવેછે.) બે હાથથી અને બે પગથી, બે ગોઠણથી, છાતીથી, માથાથી, દૃષ્ટિથી, મનથી અને વાણીથી, એપ્રમાણે પ્રણામ આઠ પ્રકારના કહેવાયછે. ૨૪.

१ २ ३
देवकिन्नरगन्धर्वाः पितृयक्षास्तु तुम्बरुः ॥
४ ५ ८ ९ ६ ७
मुनयोऽपि न जानन्ति गुरुशुश्रूषणे विधिम् ॥२५॥

શ૦:—દેવ, કિન્નર (તથા) ગંધર્વ, પિતૃઓ, યક્ષો, તુંબરૂ (અને) મુનિઓ પણ ગુરૂની સેવાના પ્રકારને જાણતા નથી. ૨૫.

१ २ ३ ४ ५
श्रीमत्परं ब्रह्म गुरुं स्मरामि ।
६ ७ ८ ९ १०
श्रीमत्परं ब्रह्म गुरुं भजामि ॥
११ १२ १३ १४ १५
श्रीमत्परं ब्रह्म गुरुं वदामि ।
१६ १७ १८ १९ २०
श्रीमत्परं ब्रह्म गुरुं नमामि ॥२६॥

શ૦:—શ્રીમાન્ પરબ્રહ્મરૂપ ગુરૂનું સ્મરણ કરૂંછું. શ્રીમાન્ પરબ્રહ્મરૂપ ગુરૂને ભજુંછું. શ્રીમાન્ પરબ્રહ્મરૂપ ગુરૂની પ્રાર્થના કરૂંછું. (અને) શ્રીમાન્ પરબ્રહ્મરૂપ ગુરૂને નમસ્કાર કરૂંછું. ૨૬.

१ २ ३ ४
ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्त्तिम् ॥
५ ६ ७
द्वंद्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यं ॥
८ ९ १० ११ १२
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षीभूतं ॥
१३ १४ १६ १५ १७
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तन्नमामि ॥२७॥

શ૦:—બ્રહ્મના આનંદરૂપ, પરમ સુખને આપનાર, કેવળ જ્ઞાનમૂર્ત્તિ, સુખદુઃખાદિક દ્વંદ્વરહિત, આકાશતુલ્ય, (વેદના) **तत्त्वमसि** ઈત્યાદિ વાક્યથી લક્ષ્ય, એક, નિત્ય, નિર્મળ, સ્થિર, સર્વ પ્રાણીની બુદ્ધિના સાક્ષીરૂપ, પદાર્થરહિત, ત્રણ ગુણથી રહિત, એવા તે શ્રીસદ્ગુરૂને નમસ્કાર કરૂંછું. ૨

१ २
हृदम्बुजे कर्णिकमध्यसंस्थं ।
३ ४
सिंहासने संस्थितदिव्यमूर्त्तिम् ॥
९ ८ ५
ध्यायेद्गुरुं चन्द्रकलाप्रकाशं ।
६ ७
सच्चित्सुखाभिष्टवरं दधानम् ॥२८॥

શ૦:—હૃદયરૂપી કમળની કળીમાં રહેલા, સિંહાસનમાં બિરાજેલા, ચંદ્રકળા સરખા પ્રકાશમાન, સત્ ચિત્ સુખરૂપ, ઇચ્છિત વરદાનને આપનાર એવા શ્રીસદ્ગુરૂનું ધ્યાન કરવું. ૨૮.

१ २ ३
आनन्दमानन्दकरं प्रसन्नं ।
४ ५
ज्ञानस्वरूपं निजभावयुक्तम् ॥
६ ७ ८
योगीन्द्रमीड्यं भवरोगवैद्यं ।
९ १० ११ १२
श्रीमद्गुरुं नित्यमहं नमामि ॥ २९ ॥

શ૦:—આનંદરૂપ, આનંદ આપનાર, હસત મોઢાવાળા, જ્ઞાનસ્વરૂપ, પોતાના પ્રેમથી યુક્ત, યોગેશ્વર, સ્તુતિ કરવા યોગ્ય, સંસારરૂપી રોગના વૈદ્ય એવા શ્રીમાન્ ગુરૂશ્રીને નિત્ય હું પ્રણામ કરૂંછું. ૨૯.

૭ ૫ ૬ ૧૦ ૮ ૯

न गुरोरधिकं न गुरोरधिकं ।

१३ ११ १२ १६ १४ १५

न गुरोरधिकं न गुरो रधिकम् ॥

१ २

शिवशासनतः शिवशासनतः ।

३ ४

शिवशासनतः शिवशासनतः ॥ ३० ॥

શ૦:—રૂદ્રની આજ્ઞાથી, રૂદ્રની આજ્ઞાથી, રૂદ્રની આજ્ઞાથી, રૂદ્રની આજ્ઞાથી ગુરૂથી અધિક નથી, ગુરૂથી અધિક નથી, ગુરૂથી અધિક નથી, ગુરૂથી અધિક નથી. ૩૦.

९ १० ११ १२ १३ १४

इदमेव शिवं इदमेव शिवं ।

१५ १६ १७ १८ १९ २०
इदमेव शिवं इदमेव शिवं ॥

१ २ ३ ४
ममशासनतो ममशासनतो ।

५ ६ ७ ८
ममशासनतो ममशासनतः ॥ ३१ ॥

શ૦:—મારી આજ્ઞાથી, મારી આજ્ઞાથી, મારી આજ્ઞાથી, મારી આજ્ઞાથી આ (ગુરૂપૂજન) જ સુખરૂપ છે, આ જ સુખરૂપ છે, આ જ સુખરૂપ છે, આ જ સુખરૂપ છે. ૩૧.

१ २ ४ ५ ३
दैशिकोच्चारितैर्मार्गैर्मनःशुद्धिं क्रियाद्बुधः ॥

१० ११ ९ ६ ७ ८
अनित्यं चिन्तनीयं तद्यत्किञ्चिदात्मगोचरम् । ३२ ।

શ૦:—ગુરૂએ બતાવેલા ધોરણથી વિદ્વાને મનની શુદ્ધિ કરવી. (અને) જે કાંઇ મનના વિષયરૂપ છે તે અનિત્ય વસ્તુ ખોટી છે એમ વિચાર કરવો. ૩૨.

किमत्र बहुनोक्तेन शास्त्रकोटिशतैरपि ॥
दुर्लभा चित्तविश्रान्ति र्विना गुरुकृपांपराम्।३३।

શા૦:—અહીં વધારે કહેવાથી શું છે? (અથવા તો) અબજ શાસ્ત્રોથી પણ શું છે ? ઉત્તમ ગુરૂકૃપા વિના ચિત્તને શાંતિ મળવી [એ] દુર્લભ છે. ૩૩.

एवं श्रुत्वा महादेवि गुरुनिन्दाङ्करोति यः ॥
स याति नरकान्घोरान् यावच्चन्द्रदिवाकरौ।३४॥

શા૦:—હે પાર્વતિ ! એમ સાંભળતા છતાં જે (માણુસ) ગુરૂની નિંદા કરેછે તે માણુસ જ્યાં-સુધી ચંદ્રમા ને સૂર્યની સ્થિતિ છે (ત્યાંસુધી) ઘોર નરકમાં રહેછે. ૩૪.

गुरुकार्यं न लंघेत नापृष्ट्वा कार्यमाचरेत् ॥
नह्युत्तिष्ठेद्दह्यनत्वातु गुरुसद्भावशोभितः ॥३५॥

શા૦:—ગુરૂના પ્રેમથી ઉન્મત્ત થઇને ગુરૂના કામનું ઉલ્લંઘન નહીં કરવું, ગુરૂને પૂછ્યાવિના કામ કરવું નહિ. (તથા) પ્રણામ કર્યાવિના ઉઠવું નહિ. ૩૫.

४ १ २ ३
पादुकासनशय्यादि गुरुणा यदधिष्ठितम् ॥
७ ५ ६ ९ १० ११ ८
नमस्कुर्वित तत्सर्वं पादाभ्यां नस्पृशेत्कचित् ।३६।

શા૦:—જે વસ્તુનો ગુરૂ ઉપયોગ કરતા હોય એવી ચાખડી, આસન, શય્યા વગેરે સઘળી વસ્તુઓને નમસ્કાર કરવા; પણ કોઇ દિવસ પગથી સ્પર્શ કરવો નહિ. ૩૬.

१ २ ६ ३ ४ ५
गच्छतः पृष्ठतो गच्छेद्गुरुछायां न लंघयेत् ॥
९ ७ १० ८ १४ १३ ११ १२
नोल्बणं धारयेद्वेषं नालंकारांस्तथोल्बणान् ।३७।

શા૦:—ગુરૂ જતા હોય તો તેમની પછવાડે ગુરૂની છાયાનું ઉલ્લંઘન નહિ કરતાં જવું; તેઓની

સમક્ષ અસભ્ય વેષ રાખવો નહિ; તેમ જ નહિ
છાજતાં ઘરેણાં (પણ) પહેરવાં નહિ. ૩૭.

१ २ ५ ६ ७
गुरुनिन्दाकरं दृष्ट्वा महरेदथवा शपेत् ॥
१० ८ ९ ११ ४
स्थानं वा तत्परित्याज्यं जिह्वाच्छेदाक्षमो
३
यदि ॥३८॥

શ૦:—ગુરૂની નિંદા કરનાર માણુસને જોઇને જો તેની જીભ કાપવાને પોતે અસમર્થ હોઇએ તો તેને પ્રહાર કરવો, અથવા તો શાપ દેવો. તેમ પણ ન બની શકે તો તે સ્થાન મૂકી દેવું. ૩૮.

२ ४ ३ ९ ६ ५ ८ ७
मुनिभिः पन्नगैर्वापि सुरैर्वा शापितो यदि ॥
११ १० १३ १४ १
कालमृत्युभयाद्वापि गुरू रक्षति पार्वति ॥३९॥

શ૦:—હે પાર્વતિ ! મુનિઓએ અથવા સર્પોએ અથવા દેવતાઓએ જો (પોતાને) શાપ આપેલો

હોય તોપણ તેમાંથી અથવા કાળરૂપી માતના ભયથી પણ ગુરૂ છોડાવેછે. ૩૯.

५ ६ ४ ७ १० ९ ८
अशक्ता हि सुराद्याश्च अशक्ता मुनयस्तथा ॥
१ ३ २
गुरुशापप्रपन्नस्य रक्षणाय च कुत्रचित् ॥४०॥

શ૦:—જેને ગુરૂનો શાપ થયો હોય એવાનું કાંઇપણ રક્ષણ કરવા માટે દેવતા વગેરે કોઇ સમર્થ નથી જ; અને તેમ જ મુનિઓ (પણ) સમર્થ નથી. ૪૦.

७ ५ १ ३ ४ ६
मंत्रराजमिदं देवि गुरुरित्यक्षरद्वयम् ॥
२ ८ ९ १० ११
स्मृतिवेदार्थवाक्यानां गुरुःसाक्षात्परं पदं ॥४१॥

શ૦:—હે પાર્વતિ! શ્રુતિ અને સ્મૃતિઓના વાક્યોમાં 'ગુરૂ' એ બે અક્ષરવાળો મહા મંત્ર છે. (અને) ગુરૂ એ સાક્ષાત્ પરમ પદ છે. ૪૧.

२ ४ १ ३ ५ ६ ७
गुरोर्ध्यानेनेति नित्यं देही ब्रह्ममयो भवेत् ॥
११ ८ ९ १० १२ १४ १३ १७ १५ १६
स्थितश्च यत्रकुत्रापि मुक्तोऽसौनात्रसंशयः॥४२॥

શ૦:—એ પ્રમાણે ગુરૂના નિત્ય ધ્યાનથી પ્રાણી બ્રહ્મરૂપ થઈ જાયછે. અને ગમે ત્યાં તે હોય તો-પણ તેને મુક્ત સમજવો: એમાં સંશય નથી. ૪૨.

२ ३ ४ ५ ६ ७ ८
ज्ञानं वैराग्यमैश्वर्यं यशः श्रीः स्वमुदाहृतम् ॥
१२ ९ १० ११ १
षड्गुणैश्वर्ययुक्तश्च भगवान् श्रीगुरुः प्रिये॥४३॥

શ૦:—હે પ્રિયે! જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, યશ, શોભા અને દ્રવ્ય (ધર્મ) એ (૭ ઐશ્વર્ય) કહ્યાં છે. અને ભગવાનરૂપ શ્રીગુરૂ એ ૭ ઐશ્વર્યથી યુક્ત છે. ૪૩.

६ ५ ४ ९ ८ ७
न सुखं वेदशास्त्रेषु न सुखं मंत्रयंत्रके ॥
१ २ ३ ११ १२ १३ १०
गुरोः प्रसादादन्यत्र सुखं नास्तिमहीतले॥४४॥

શ૦:—ગુરૂની કૃપાવિના બીજે કોઇ ઠેકાણે વેદ અને શાસ્ત્રમાં (પણ) સુખ નથી; મંત્રયંત્રમાં (પણ) સુખ નથી; (તેમ જ) પૃથ્વીમાં (પણ) સુખ નથી. ૪૪.

चार्वाकवैष्णवमते सुखं प्राभाकरे न हि ॥
गुरोः पादान्तिके यद्वत्सुखंवेदान्तसंमतम् ॥४५॥

શ૦:—જેવું ગુરૂના ચરણની સેવામાં વેદાંતમાં કહેલું સુખ છે, (તેવું) સુખ ચાર્વાકમતમાં, વૈ-ષ્ણવમતમાં અને પ્રભાકરના મતમાં નથી જ. ૪૫.

एक एवाद्वितीयोऽहं गुरुवाक्येन निश्चितः ॥
एवमभ्यस्यता नित्यं न सेव्यंवैवनान्तरम् ॥४६॥

શ૦:—ગુરૂવાક્યથી એક જ અદ્વિતીય હું છું એમ નિશ્ચય કરીને જો નિત્ય અભ્યાસ કરે તો (તેને) બીજું વન સેવવું પડતું નથી. ૪૬.

२ ३ ५ ४ ६ ७
यद्याप्यधीता निगमाः षडगान्यागमाः प्रिये ॥
८ ९ १२ १३ १४ १०
अध्यात्मादीनि शास्त्राणि ज्ञानं नास्ति गुरुं
११
विना ॥४७॥

शा०:—हे પાર્વતિ! જો કે વેદ ભણીએ, ૭ અંગ તથા શાસ્ત્ર ભણીએ તેમ જ વેદાંત વગેરે શાસ્ત્રનો અભ્યાસ કરીએ, તો પણ ગુરૂ વિના જ્ઞાન થતુ નથી. ૪૭.

१ ३ २
निरस्तसर्वसन्देह एकीकृत्य सुदर्शनम् ॥
५ ४ ६ ९ ८ ७
रहस्यं यो दर्शयति भजामि गुरुमीश्वरम्॥४८॥

શ૦:—સઘળા સંદેહો મટાડીને, સઘળાં શાસ્ત્રોનો અભિપ્રાય એક કરીને જે ગુપ્ત વાત બતાવેછે તે ઈશ્વરરૂપ ગુરૂને ભજુંછું. ૪૮.

१ ४ ५ २ ३
ज्ञानहीनो गुरुस्त्याज्यो मिथ्यावादी विडम्बकः।

स्वविश्रान्तिं न जानाति परशान्तिं करोति किम् ॥४९॥

શા૦:—જ્ઞાનથી રહિત, મિથ્યા બોલનાર, વિડંબણા કરનાર એવા ગુરૂનો ત્યાગ કરવો; (કારણ કે તે) પોતાની શાંતિના સુખને જાણતો નથી, (તો) અન્યને શાંતિ કેમ આપી શકે? ૪૯.

गुरुदेवार्पणं वस्तु तेन तुष्टोऽस्मि सुव्रते ॥
श्रीगुरोः पादुकां मुद्रां मूलमंत्रं च गोपयेत् ॥५०॥

શા૦:—હે પાર્વતિ! જે વસ્તુ ગુરૂદેવને અર્પણ થાય તેથી હું રાજી છું. શ્રીગુરૂની ચાખડી, મુદ્રા અને મૂલમંત્ર એટલી વસ્તુ છાની રાખવાની છે. ૫૦.

गुरुगीताक्षरैकैकं मंत्रराजमिदं प्रिये ॥
अन्येच विविधा मंत्राः कलां नार्हंति षोडशीम् ॥५१॥

શ૦:—હે પાર્વતિ! આ ગુરૂગીતાનો એકેક અક્ષર પરમ મિત્ર છે, અને બીજા વિવિધ પ્રકારના મંત્રો આના સોળમા ભાગના પણ નથી. ૫૧.

१ २ ३ ४ ६ ५ ७
सत्यं सत्यं पुनः सत्यं धर्मसांख्यं मयोदितं ॥
८ ९ १५ १६ १४ १२ १३
गुरुगीतासमं स्तोत्रंनास्ति तत्त्वंगुरोःपरम् ॥५२॥

શ૦:—સત્ય છે; સત્ય છે; વળી સત્ય છે; મેં ધર્મ-રૂપ સાંખ્ય કહ્યુંછે. ગુરૂગીતા જેવું સ્તોત્ર નથી; અને ગુરૂથી બીજું તત્ત્વ નથી. ૫૨.

१ २ ३ ४ ५ ६ ७
गुरुर्देवो गुरुर्धर्मो गुरुनिष्ठा परं तपः ॥
८ ९ १० ११ १२ १४ १३
गुरोः परतरं नास्ति त्रिवारं कथयामि ते ॥५३॥

શ૦:—ગુરૂ (એ જ) દેવછે. ગુરૂ (એ જ) ધર્મછે. ગુરૂમાં આસ્થા એ જ પરમ તપ છે. ગુરૂવિના બીજું [શ્રેય] નથી. એ ત્રણ વાર તમારી પાસે

કહ્યું છું. ૫૩

७ ६ ८ ९ १० ११ ३
धन्या माता पिता धन्यो गोत्रं धन्यं विशेषतः॥
१४ १२ १३ १ २ ५ ४
धन्या च वसुधा देवि यत्र स्याद्गुरुभक्तता॥५४॥

શ૦:—હે દેવિ! જે કુળમાં પરંપરાથી વિશેષે કરીને ગુરૂભક્તિ છે, (તે કુળની) માતા ધન્ય છે, પિતા ધન્ય છે, વંશ ધન્ય છે, તથા તે પૃથ્વી ધન્ય છે. ૫૪.

२ ३
आकल्पजन्मकोटीनां यज्ञव्रततपःक्रियाः ॥
४ ५ ७ १ ६
ताः सर्वाः सफला देवि गुरुसंतोषमात्रतः॥५५॥

શ૦:—હે દેવિ! કલ્પસુધીનાં કરોડો જન્મનાં યજ્ઞ, વ્રત, તપ અને ક્રિયા એ સર્વ માત્ર ગુરૂને સંતોષ પમાડવાથી સફળ થાયછે. ૫૫.

१ २ ५ ६ ७ ८
मंदभाग्याह्यशक्ताश्च ये जना नानुमन्वते ॥

गुरुसेवा तु विमुखाः पच्यन्ते नरकेऽशुचौ ॥५६॥

શ૦:—અભાગીઆ, અશક્ત તથા ગુરૂસેવાથી રહિત જે લોકો આ ઉપદેશપર ધ્યાન આપતા નથી તેઓ અપવિત્ર નરકમાં રંધાયછે. ૫૬.

अभक्ते वंचके नीचे पाषण्डे नास्तिकादिषु ॥
मनसाऽपि न वक्तव्या गुरुगीता कदाचन ॥५७॥

શ૦:—અભકત, ઠગારા, નીચ, પાખંડી તથા નાસ્તિક વગેરેને મનથી પણ કોઈ દિવસ [આ] ગુરૂગીતા કહેવાની ઇચ્છા ન રાખવી. ૫૭.

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः ॥
तमेकं दुर्लभं मन्ये शिष्यहृत्तापहारकम् ॥५८॥

શ૦:—શિષ્યના દ્રવ્યને હરણ કરનાર ઘણા ગુરૂઓ હોયછે, પણ શિષ્યના હૃદયના તાપને હરનરા

એવો એક ગુરૂ પણ મળવો દુર્લભ, એમ હું માનુંછું. ૫૮.

गुरवो निर्मलाः शान्ताः साधवो मितभाषिणः॥
कामक्रोधविनिर्मुक्ताः सदाचारजितेंद्रियाः॥५९॥

શ૦:—ગુરૂઓ હોય તે નિર્મળ, શાંત, ભલા, થોડું બોલનારા, કામક્રોધથી રહિત, અને સદાચારથી ઇંદ્રિયોને જીતનાર હોવા જોઇએ. ૫૯.

कृताया गुरुभक्तेस्तु वेदशास्त्रानुसारतः॥
मुच्यते पातकाद्घोराद्गुरुभक्तो विशेषतः॥६०॥

શ૦:—વેદશાસ્ત્ર પ્રમાણે ગુરૂભક્તિ કરી હોય તો ઘોર પાપથી ગુરૂભક્ત સઘળી રીતે મુક્ત થાયછે. ૬૦.

शक्तो न चापि शक्तो वा दैशिकांघ्रिंसमाश्रयेत्॥

૭ ૮ ૧૦ ૯ ૧૪ ૧૨ ૧૩

तस्य जन्मास्ति सफलं न कश्चित्संशयस्तत्र ॥६१॥

શ૦:—શક્ત હોય, અથવા અશક્ત હોય, તોપણ ગુરૂના ચરણનો આશ્રય કરે તેનો જન્મ સફળ છે. એમાં તમારે કોઇ જાતનો સંશય માનવો નહિ. ૬૧.

૩ ૧ ૪ ૨

श्रीगुरुं परमानंदं वंदे आनंदविग्रहम् ॥

૫ ૬ ૮ ૭

यस्य सन्निधिमात्रेण चिदानन्दायते मनः ॥६२॥

શ૦:—પરમ આનંદરૂપ, તથા આનંદરૂપ દેહવાળા શ્રીગુરૂને પ્રણામ કરૂંછું; જેના માત્ર સમીપપણાથી જ, મન, ચૈતન્ય તથા આનંદરૂપ થાયછે. ૬૨.

૧ ૪ ૨ ૩ ૬ ૫ ૮ ૭

गुरुणा न समं दैवं न पिता न च बांधवाः ॥

૯ ૧૨ ૧૦ ૧૧ ૧૬ ૧૩ ૧૪ ૧૫

गुरुणा न समः स्वामी नेदृशं परमं पदम् ॥६३॥

શ૦:—ગુરૂ જેવું દૈવત નથી. તેના જેવા પિતા

તથા બાંધવ નથી. ગુરૂ જેવા સ્વામી નથી. અને તેમના જેવું બીજું પદ નથી. ૬૩.

१ २ ३ ४ ५ ६
शिवक्रोधाद्गुरुस्त्राता गुरुक्रोधाच्छिवो न हि ॥
७ ८ ९ १० ११ १२
तस्मात्सर्वप्रयत्नेन गुरोराज्ञां न लंघयेत् ॥६४॥

શબ્દાર્થઃ—શિવના ક્રોધથી ગુરૂ રક્ષણ કરેછે; પણ ગુરૂના ક્રોધથી શિવ રક્ષણ કરી શકતા નથી; માટે સર્વ પ્રકારે ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરવું. ૬૪.

॥ इति शिवम् ॥